**આંક:-૨૯**

**અમદાવાદના લેબર કોર્ટના પ્રમુખ અધિકારી શ્રી જે.એ.રંગવાલા સમક્ષ,**
**કોર્ટ નં.૪.**
**રેફરન્સ(એલ.સી.એ.)નં.૧૩૮૯/૨૦૦૯.**

**પ્રથમ પક્ષકારઃ-** **(૧) જનરલ મેનેજરશ્રી**
**પ્રગતિ વેલ્યુએડેડ પીપલ એમ્પલોયબીલીટી સોલ્યુશન પ્રા.લી.**
ઠે.પ્રેમચંદ હાઉસ,ગ્રાઉન્ડ ફ્લોર,
આશ્રમ રોડ સેલ્સ ઈન્ડિયા પાસે,અમદાવાદ.
**(૨) રીલાયન્સ એચઆર સોલ્યુશન પ્રા.લી.**
રજી.ઓફિસઃ એચ બ્લોક, પહેલો માળ,
ધીરૂભાઈ અંબાણી નોલેજ સીટી, ન્યુ મુંબઈ.

**વિરુદ્ધ**

**બીજા પક્ષકારઃ-** **ભાવિન સુમનલાલ ચાવડા**
રહે.સી/૨૦૨,અશ્વલેખા એપાર્ટમેન્ટ,
વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન રોડ, જીવરાજપાર્ક,અમદાવાદ.

.................................................................
પ્રથમ પક્ષકાર તરફે- કોઈ નહી.
બીજા પક્ષકાર તરફે- વિ.પ્ર.શ્રી બી.એન.રાજપુત.
.................................................................

**-: એ વો ર્ડ :-**

૧. હાલના કામે આ એવોર્ડમાં સગવડતા અને સરળતા ખાતર પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકારને અનુક્રમે **"સામાવાળા"** અને **"અરજદાર"** તરીકે સંબોધવામાં આવેલા છે.

૨. આ કામના બીજા પક્ષકાર શ્રી ભાવિન સુમનલાલ ચાવડા તથા પ્રથમ પક્ષકાર સંસ્થાઓ વચ્ચે ઉપસ્થિત થયેલ ઔદ્યોગિક વિવાદ અન્વયે મદદનીશ મજુર કમિશ્નરશ્રીએ તા.૯ નવેમ્બર ૨૦૦૯ ના પત્ર ક્રમાંક નાશ્રઆ/અવિ/આઈડીઆર/એજે/૨૨૮/૦૯ અન્વયે નીચેની અનુસૂચિ અન્વયે ન્યાય નિર્ણય અર્થે અદાલત સમક્ષ રીફર થયેલ છે.

**<u>–: અનુસૂચિ :–</u>**

શ્રી ભાવિન સુમનલાલ ચાવડાને તેમની સળંગ નોકરી ગણી પડેલા દિવસોના પુરા પગાર તેમજ તમામ આનુસાંગિક લાભો સાથે તેમની નોકરીમાં મુળ જગ્યાએ પુનઃસ્થાપિત કરવા જોઈએ કે કેમ?

૨. સંબંધિત કામદારે આંક–૪ થી તેઓનુ માંગણાનુ નિવેદન રજુ કરી જણાવેલ છે કે પ્ર.પ.નં.૧ ને ત્યાં નોકરીમાં જોડાયેલા. તેમની હેડ ઓફિસ દિલ્હી અને મુંબઈ ખાતે આવેલી છે. પ્ર.પ.નં.૧ મુખ્યત્વે રીલાયન્સના મોબાઈલ તથા ટેલીફોન કનેક્શનના વેચાણની કામગીરી કરે છે. પ્ર.પ.નં.૧ ને ત્યાં પચાસથી વધુ કામદારો કામ કરતા હતા. પ્ર.પ.નં.૧ અને ૨ એકજ મેનેજમેન્ટ હેઠળની સંસ્થાઓ છે. બીજા પક્ષકાર નં.૧ તથા ૨ જાન્યુઆરી ૨૦૦૬ ના પત્રથી ફીલ્ડ એસોસીયેટની જગ્યા ઉપર નિમણુક પામેલ ત્યારથી પ્ર.પ.નં.૧ ના પ્રોજેક્ટમાં ખંત અને વફાદારીથી ફરજો બજાવતા હતા. બીજા પક્ષકાર તા.૬–૩–૨૦૦૭ ના રોજ નિયત નોકરીની ફરજ ઉપર હાજર હતા ત્યારે સરખેજ–સાણંદ રોડ પર આવેલ ભુમિ કોમ્પલેક્ષમાં પ્રથમ પક્ષકારની સુચના અન્વયે ગયેલા. નોકરીની ભાગરૂપે સીડી ઉપરથી ઉતરી રહ્યા હતા ત્યારે લપસી ગયેલ અને સખ્ત ઈજાઓ થતા પ્ર.પક્ષકારના કર્મચારી વીપીનશર્મા અને સુશીલ મેકવાનની સુચના અનુસાર કામગીરી કરવા ગયેલ ત્યારે કામ પતાવી પાછા આવી રહ્યા હતા ત્યારે લપસી પડેલ તે સમયે અન્ય કોઈ કર્મચારી સાથે ન હતા પરંતુ ત્રાહિત વ્યક્તિએ વીપીન શર્માનો ફોન નંબર લીધેલો અને અકસ્માતના સ્થળ ઉપર આવેલા અને જીવરાજ હોસ્પિટલમાં દાખલ કરેલા. ત્યારબાદ તા.૮–૩–૨૦૦૬ ના રોજ ઓપરેશન કરી જુદા જુદા ટેસ્ટ કરવામાં આવેલા. તા.૧૦–૩–૨૦૦૬ ના રોજ રજા આપ્યા બાદ તા.૬–૬–૨૦૦૬ સુધી હોસ્પિટલ તરફથી સંપુર્ણ બેડરેસ્ટની

સલાહ આપવામાં આવેલી. બીજા પક્ષકાર સંસ્થામાં રાબેતા મુજબની ફરજ બજાવેલ હોવા છતા મજુર કાયદા મુજબના હક્કો, લાભોની માંગણી કરતા ખોટી રીતે કોઈપણ જાતના ન્યાયી અને વ્યાજબી કારણ સિવાય કિન્નાખોરી અને વેરભાવ રાખી તા.૧–૮–૨૦૦૬ ના રોજથી ફક્ત મૌખિક હુકમથી છુટા કરવામાં આવેલ છે. બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરતાં તેઓએ બીજી ઘણી જગ્યાએ નોકરી મેળવવાના પ્રયત્નો કરવાં છતાં નોકરી મળેલ નથી તેમ જણાવી બીજા પક્ષકારને નોકરીમાંથી છુટા કરવાનુ સંસ્થાનુ પગલુ ગેરકાયદેસર ઠરાવી પડેલા દિવસોના પુરા પગાર આનુસાંગિક લાભો સહિત મુળ જગ્યાએ પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ છે.

બીજા પક્ષકાર તરફે વિ.પ્ર.શ્રી બી.એન. રાજપુતનુ અધિકારપત્ર રજુ થયેલ હતુ.

આંક–૧૩ થી પ્રથમ પક્ષકાર સંસ્થા નં.૨ તરફે તેમનો લેખિત જવાબ રજુ કરી અરજદારની અરજીની તમામ હકીકતોનો ઈન્કાર કરી જણાવેલ છે કે અરજદારની અરજીમાં જણાવ્યા મુજબની કોઈ દાદ મંજુર કરવાપાત્ર ન હોય અરજદારનો હાલનો રેફરન્સ ગેરકાયદેસર હોઈ જેથી રદ થવાને પાત્ર છે.

આંક–૨૩ થી બીજા પક્ષકાર ભાવિન સુમનલાલ ચાવડાનુ પુરાવા સોગંદનામુ રજુ થયેલ હતુ.

બીજા પક્ષકાર તરફે આંક–૨૪/એ ના લિસ્ટથી ડબલ્યુ.સી. અરજી નં.૪૯/૦૯ ના કામમાં થયેલ ચુકાદાની નકલ રજુ થયેલ છે.

સંબંધિત કામનુ ઉપસ્થિત તમામ રેકર્ડ, બીજા પક્ષકાર તરફે રજુ થયેલ દ.પુ., બીજા પક્ષકાર તરફે રજુ મૌખિક દલીલો ધ્યાને લેતાં સદર કામના ન્યાય નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દાઓ ઊપસ્થિત થાય છે.

**મુદ્દા નં.(૧)–** શુ બીજા પક્ષકાર એ હકીકત પુરવાર કરે છે કે પ્રથમ પક્ષકાર સંસ્થાઓ દ્વારા તેઓને તા.૧–૮–૨૦૦૬ ના રોજ મૌખિક હુકમથી છુટા કરેલ હતા?

**મુદ્દા નં.(૨)–** શુ બીજા પક્ષકાર કામદાર પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોના પુરા પગાર સહિત સળંગ નોકરીથી પુનઃસ્થાપિત થવા હક્કદાર થાય છે?

**મુદ્દા નં.(૩)–** શુ હુકમ કરવો?

**<u>ઉપરોક્ત મુદ્દાઓના અદાલતના તારણો નીચે મુજબ છેઃ–</u>**

**મુદ્દા નં.(૧)–** હકારમાં,

**મુદ્દા નં.(૨)–** અંશતઃહકારમાં, (ઉચ્ચક વળતર મેળવવા હક્કદાર છે.)

**મુદ્દા નં.(૩)–** આખરી હુકમ મુજબ,

**તારણો માટેના કારણોઃ–**

**મુદ્દા નં.૧ અને મુદ્દા નં.૨ ના કારણો**

હવે સંબંધિત કામેના રેકર્ડ ઉપરના સંજોગો ધ્યાને લેતાં ન્યાય નિર્ણયની સરળતા ખાતર મુદ્દા નં.–૧ તથા મુદ્દા નં.–૨ નો એક સાથે ન્યાય નિર્ણય કરવો અદાલતને યોગ્ય જણાય છે.

આ કામે બીજા પક્ષકારે નિ.૨૪/એ/૧ થી બીજા પક્ષકારની તરફેણમાં થયેલ વ.કો.માં થયેલ હુકમની નકલ રજુ થયેલ છે જે હુકમથી એ હકીકત સાબિત થાય છે કે આ કામે બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર નં.૧ અને ૨ વચ્ચે માલિક–નોકરનો સંબંધ હતો અને તા.૬–૩–૨૦૦૬ ના રોજ ૧૨–૦૦ કલાકના સુમારે તેઓને અકસ્માત થતા બીજા પક્ષકારને ઈજાઓ થયેલી હતી. આમ જ્યારે બીજા પક્ષકાર અને પ્રથમ પક્ષકાર સંસ્થા વચ્ચે માલિક–નોકરનો સંબંધ સાબિત થતો હોય તો બીજુ કાંઈ જોવાની જરૂર રહેતી નથી. આ કેસમાં એ હકીકત છે કે

બીજા પક્ષકારે તેને છુટા કર્યાના વર્ષમાં ૨૪૦ દિવસની કામગીરી સંસ્થામાં કરેલ નથી પરંતુ જ્યારે કામદારને અકસ્માત થયેલ હોય ત્યારે તેનો વ.કો.નો ક્લેમ નામ.અદાલતે મંજુર રાખેલ હોય તેવા સંજોગોમાં એ હકીકત સાબિત થયેલી ગણાય કે બીજા પક્ષકારને તેને નોકરીની ફરજો દરમિયાન અકસ્માત જે તે સમયે થયેલ હતો. આ કામે પ્રથમ પક્ષકારે હાજર રહીને જવાબ પણ રજુ કરેલ નથી કે બીજા પક્ષકારની ઉલટ તપાસ લેવા માટે હાજર પણ રહેલા નથી અને પ્રથમ પક્ષકાર સંસ્થાએ પોતાનો પુરાવો પણ રજુ કરેલ નથી. આવા સંજોગોમાં હું એમ માનુ છુ કે આ કામે ભલે કામદારે તેને છુટા કર્યાના અગાઉના વર્ષમાં ૨૪૦ દિવસ કામ કરેલ ન હોય તો પણ તેનો રેફરન્સ મંજુર કરવો જોઈએ. આ કામે હાલના કેસમાં બીજા પક્ષકારને જો નોકરીમાં પુનઃસ્થાપન કરવામાં આવે તો તેનાથી સંસ્થા અને બીજા પક્ષકાર વચ્ચે ઝઘડો કે વિવાદ વધી શકે અને પક્ષકારો વચ્ચે દાવાદુવીઓ ઉભી થાય તેવી શક્યતાઓ રહેલી છે.

વધુમાં રેકર્ડ ધ્યાને લેતાં સંબંધિત કામેનો પસાર થયેલ સમયગાળો તેમજ સંબંધિત બીજા પક્ષકારની વય મર્યાદા, તેઓની કામગીરીનો પ્રકાર તથા આ કામના રેકર્ડ ઉપરના ઉપરોક્ત તમામ સંજોગો વિગેરે બાબતો ધ્યાને લેતાં સંબંધિત બીજા પક્ષકારને પ્રથમ પક્ષકાર સંસ્થામાં પડેલા દિવસોના પુરા પગાર સહિત નોકરીમાં પુનઃસ્થાપિત કરવાના બદલે તેઓનો નોકરીનો સમયગાળો ધ્યાને લઈ તેમજ આ સંદર્ભે **નામદાર સુપ્રીમ કોર્ટ** સમક્ષનો **તપસકુમાર પૌલ વિરુધ્ધ બી.એસ.એન.એલ., ૨૦૧૪–લેબ. આઈ.સી.–૪૪૮૬** નો ચુકાદો જોવામાં આવે તો તે કેસમાં એડમીનીસ્ટ્રેટીવ ટ્રીબ્યુનલ પુન:સ્થાપિતનો તથા બેકવેજીસના બદલામાં લમસમ વળતર ચુકવવાનો હુકમ કરેલ

હતો. તે ચુકાદ્દાના પેરા–૫ માં કયા કારણોસર પુન:સ્થાપિતના બદલે વળતરની દાદ આપી શકાય તે અંગે જણાવવામાં આવેલ છે, તેમાં સંસ્થા બંધ થયેલ હોય અથવા કર્મચારી નિવૃતીની ઉંમરે પહોંચી ગયેલ હોય અથવા નિવૃતિ નજીક હોય અને નોકરીનો ખૂબજ ઓછો સમયગાળા બાકી હોય, કામદાર કામગીરી કરવા માટે અસક્ષમ બનેલ હોય અથવા મેનેજમેન્ટે કર્મચારી ઉપરનો વિશ્વાસ ગુમાવેલ હોય તેનો સમાવેશ કરેલ છે. ત્યારે હાલના કેસમાં અરજદારને લમસમ વળતર ચુકવવાનો હુકમ કરવાનું ન્યાયોચિત જણાય છે. જેથી ઉપરોક્ત તમામ સંજોગોમાં ન્યાયના વિશાળ હિતમાં સંબંધિત કામદારને હાલની પ્રથમ પક્ષકાર સંસ્થાઓ ઉચ્ચક વળતર પેટે રકમ **રૂપિયા ૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)** ચુકવી આપે તેવો આદેશ કરવો ઉપરોક્ત તમામ સંજોગો, સદર અધિનિયમની જોગવાઈઓ ધ્યાને લેતાં ન્યાયના વિશાળ હિતમાં યોગ્ય, ન્યાયી અને વ્યાજબી જણાય છે. જેથી બીજા પક્ષકારનો હાલનો રેફરન્સ અંશતઃ ગ્રાહ્ય રાખી નીચે મુજબનો આખરી હુકમ પસાર કરવામાં આવે છે.

**–: હુ ક મ :–**

**૧.** બીજા પક્ષકારનો **રેફરન્સ(એલ.સી.એ.)નં.૧૩૮૯/૨૦૦૯** આથી અશંતઃ ગ્રાહ્ય રાખવામાં આવે છે.

**૨.** આ કામની પ્રથમ પક્ષકાર સંસ્થાઓ **(૧) જનરલ મેનેજરશ્રી,પ્રગતિ વેલ્યુએડેડ પીપલ એમ્પલોયબીલીટી સોલ્યુશન પ્રા.લી.**,ઠે.પ્રેમચંદ હાઉસ,ગ્રાઉન્ડ ફ્લોર,આશ્રમ રોડ સેલ્સ ઈન્ડિયા પાસે,અમદાવાદ. **(૨) રીલાયન્સ એચઆર સોલ્યુશન પ્રા.લી.**રજી.ઓફિસઃ એચ બ્લોક, પહેલો માળ, ધીરૂભાઈ અંબાણી નોલેજ સીટી, ન્યુ મુંબઈને આથી આદેશ કરવામાં

આવે છે કે સદર એવોર્ડ પ્રસિધ્ધ થયેથી દિન–૩૦ માં બીજા પક્ષકાર/કામદારને પડેલા દિવસોના પગાર તથા અન્ય હક્કો, લાભો પેટે ઉચ્ચક વળતરની રકમ રૂપિયા **૧,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા એક લાખ પુરા)** ચુકવી આપવા.

**૩.** સંબંધિત કામદારને મુળ જગ્યાએ નોકરીમાં પુનઃ સ્થાપિત કરવા અંગે કોઈ આદેશ કરવામાં આવતો નથી.

**૪.** હાલના કામદારને ખર્ચના રૂપિયા ૫૦૦૦/– (અંકે રૂપિયા પાંચ હજાર પુરા) પણ પ્રથમ પક્ષકાર સંસ્થાઓએ ચુકવી આપવા.

(જુઝર અબ્બાસભાઈ રંગવાલા)
કોડ નં.જીજે૦૦૭૦૬
પ્રિસાઈડીંગ ઓફીસર,
લેબરકોર્ટ,અમદાવાદ.

તારીખ–૦૪–૧૨–૨૦૨૫
સ્થળ–અમદાવાદ.